જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૬/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૦૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૨૦૯ લીટર દેશી દારૂ, ૨૦૦૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૦ બીયરટીન, ૦૧ કાર અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૬,૩૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૯૦૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અટકાયત અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૯૦૨/૨૦૨૬**

ઓઢવઃ આશારામ વાગારામ ચૌધરી (ઉ.વ.૪૪)(રહે.ઓઢવ બસ સ્ટેશન પાસે ઓઢવ હાલ રહે. અબજીબાપા ગ્રીન ફલેટ કાનબા હોસ્પીટલ પાસે નિકોલ) એ તા.૨૭/૦૬/૨૦૨૬ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ઓઢવ બસ સ્ટેશન પાસે આવેલ "ગણેશ ઈલેકટ્રીક તથા હાર્ડવેર" ખાતે તા.૦૩/૦૨/૨૦૨૬ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે તમીલનાડુ ખાતે રહેતા પોતાના ભાઈ જોરારામનાઓએ આશારામ ચૌધરીને ફોન કરીને કહેલ કે "મારા મોબાઈલ ઉપર અજાણ્યા વોટ્સઅપ નંબર ૯૫૧૧૩૧૮૩૧૨ ઉપરથી કોલ આવેલ અને જણાવેલ કે 'હુ રમેશ કોટડા બેંગ્લોરથી બોલુ છુ મારા જુના નંબર બંધ થઈ ગયેલ છે જેથી આ મારા નવા નંબરથી ફોન કરૂ છુ અને તમારા ભાઈ આશારામ સાથે વાતચીત થઈ ગઈ છે અને મારે બોમ્બેમાં તાત્કાલીક રૂપિયા પાત્રીસ લાખની જરૂર છે તમે બોમ્બે શાંતી ગલી કામ્બાદેવી રોડ પર આવેલ આંગડીયામાં મોકલી આપો. તમને બે કલાકમાં મારો માણસ મહેશ જેનો મોબાઈલ નંબર ૭૭૨૬૮૯૩૭૩૩ છે તે તમને તમારી દુકાને આપી જશે" તેમ કહેતા આશારામ ચૌધરી તથા તેમનો ભાઈ જોરારામ અને રમેશ કોટડા ત્રણેય નાઓ કાપડનો ધંધો કરતા હોઈ અવાર–નવાર આંગડીયા પેઢી મારફતે રૂપિયાની લેવડ–દેવડ કરતા હોઈ જોરારામ નાઓએ વિશ્વાસ આવી જતા તેમણે તમીલનાડુના તીર્સી સીટીમાં આવેલ જાણીતી આંગડીયા પેઢીમાં ફોન કરી તેને નોટ નંબર આપી બોમ્બેની આંગડીયા પેઢીમાં ૩૫,૦૦,૦૦૦/– મોકલી આપેલ. જે રૂપિયા બોમ્બે આંગડીયા પેઢીમાંથી મોબાઈલ નંબર ૭૦૪૧૬૧૮૨૭૨ નો ધારક મનીષ નામનો ઈસમ લઈ ગયેલ અને જોરારામને ફોન કરી જણાવેલ કે રૂપિયા મળી ગયેલ છે અને તમને અમારા માણસ મહેશ જે અત્યારે ટ્રાફીકમાં છે તે આપી જશે. જે રૂપિયા લેવા સારૂ રાહ જોવા છતા કોઈ નહી આવતા તેમજ ફોન પણ બંધ આવતા જોરારામ નાઓએ તેમના ભાઈ આશારામને તમામ હકીકત જણાવતા આશારામ ચૌધરી નાઓએ રમેશ કોટડાને ફોન કરી ખરાઈ કરતા રમેશભાઈએ જણાવેલ કે "મે કોઈને ફોન કરેલ નથી મારા નામે હમણાથી ઘણા ફ્રોડ થયા છે." જે અજાણ્યા નંબરથી કોલ કરનારએ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એમ.ગોહીલ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૯૦૩/૨૦૨૬**

અમરાઇવાડીઃ શેખરભાઇ સિંગારામ મુદલીયાર (ઉ.વ.૬૪)(રહે. સર્વોદય નગર ગુજ.હાઉ.બોર્ડ સિધ્ધી વિનાયક મંદીર પાસે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૬/૨૦૨૬ સવારના ૧૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પોતાની જાતે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી માનસિંહ અભેસિંહ ચલાવે છે.

નિકોલઃ કાર્તિકભાઈ સ/ઓ કાન્તીભાઈ ઘાનાણી (ઉ.વ.૩૦)(રહે,સ્વસ્તીક સરીતા સોસાયટી, ખોડીયાર માતાના મંદીર પાસે ૮૦ ફુટ રોડ નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૬/૨૦૨૬ રાતના ૯/૦૦ વાગ્યા પહેલા પોતાની જાતે કોઇ ઝેરી પ્રવાહી પી લેતા સારવાર અર્થે તેમને થલતેજ ઝાયડસ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૭/૦૬/૨૦૨૬ ના કલાક ૩/૦૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.જે.શેખવા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી